# વાવોલમાં ૬૦.૫૯ ટકા મતદાન

## કુલ ૧૦૩૩૬ મતદાતાઓ પૈકી ૬૨૬૩ મતદાતાઓએ મતાધિકારનો ઉપયોગ કર્યો : પુરુષો સાથે મહિલાઓએ પણ સમાંતર મતદાન કર્યું : સોસાયટી વિસ્તારના મતદાતાઓએ નિરુત્સાહી વલણ દાખવ્યું

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના વાવોલ ખાતે આજે ગ્રામ પંચાયતની ચુંટણીનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. ઉમેદવારોની ધારણા કરતા પણ મતદારોએ વધુ ઉત્સાહ બતાવતા કુલ ૬૦-૫૯ ટકા મતદાન થવા પામ્યું હતું. જેમાં મહિલા મતદાતાએ પણ ખૂબ સારો ઉત્સાહ દાખવ્યો હતો. કેટલાક બુથ ઉપર મોડી સાંજ સુધી મતદાતાઓની લાંબી લાઈનો જોવા મળી હતી. વાવોલના કુલ ૧૦૩૩૬ મતદાતાઓ પૈકી ૩૨૨૩ પુરુષ અને ૩૦૪૦ મહિલા મતદાતાઓએ મતાધિકારનો ઉપયોગ કરતા કુલ ૬૨૬૩ મતોનું વોટીંગ થયું હતું.



વહેલી સવારથી જ વાવોલમાં તમામ મતદાન મથકો પર મતદાતાઓની લાંબી કતારો લાગી ગઈ હતી. આ વખતે વાવોલમાં સરપંચ માટે અનામત બેઠક જાહેર કરાઈ હતી અને સરપંચ માટે ત્રણ ઉમેદવારો ઉભા હોવાથી ત્રિપાંખિયો જંગ જામ્યો હતો. વળી વાવોલમાં નવા વિકસેલા સોસાયટી વિસ્તારના મતાદાતાઓની સંખ્યા પણ બરાબરી પર હોવાથી ઉમેદવારો પણ પરિણામ અંગે ભારે અવઢવમાં મુકાયેલા જોવા મળ્યા હતા. એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં થયેલા મતદાનની કુલ ટકાવારીએ આ ઉમેદવારોને ચોંકાવી દીધા હતા. સવારે ૧૦ વાગ્યા સુધીમાં આશરે ૧૪ ટકા અને ૧૨ વાગ્યા સુધીમાં મતદાનની ટકાવારી અંદાજે ૩૦ ટકા જેટલી પહોંચી જવા પામી હતી. કેટલાક મતદાન મથકો પર મતદારોના નામ શોધવામાં તકલીફ પડી હતી. પરંતુ છેવટે તે મળી ગયા અથવા અન્ય મતદાન મથકે હોવાનું મળતા અન્ય કોઈ સમસ્યા ઉભી થઈ નહોતી. બપોરના સમયે મતદાનમાં થોડીક નરમાઈ જરુર આવી હતી પરંતુ તે બપોર પછીના ધસારાએ ભુલાવી દીધી હતી. એમ.ડી.શાહ પ્રાથમિક શાળા પાસે એક બુથ પર તો લાંબી લચક લાઈનો મોડી સાંજ સુધી લાગી હતી. જેના કારણે લગભગ ૬.૪૦ વાગ્યા સુધી મતદાન ચાલુ રાખવાની ફરજ પડી હતી. અહીં ૫.૦૦ વાગ્યા બાદ તમામ ઉમેદવારોને મતદાન મથકથી દૂર કરી દેવામાં આવ્યા હતા. જેન કારણે કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નહોતો, સરકારી પ્રાથમિક શાળામાં ચાલી રહેલા મતદાનમાં બપોરના સમયે ઉમેદવારોના ટેકેદારોએ શાળા ઝાંપે ભીડ જમાવી મતદાતાઓ માટે ખેંચતાણ કરતા પોલીસે દરેકને મતદાન મથકથી દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી.

### વાવોલનું મતદાન આંકડાઓમાં...

વાવોલમાં કુલ ૧૦૩૩૬ મતદાતાઓમાંથી ૬૨૬૩ મતદાતાએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં મતદાન બુથ નં. ૨ પર સૌથી વધુ કુલ ૯૯૬ મતદાતાએ જયારે બુથ નં. ૭ પર સૌથી ઓછા ૨૦૯ મતદાતાઓએ મતદાન કર્યું હતું. કુલ ૩૨૨૩ પુરુષ મતદાતાઓએ ૩૧.૧૮ ટકા મતદાનમાં ફાળો આપ્યો હતો. જેની સામે ૩૦૩૦ જેટલા મહિલા મતદાતાઓએ ૨૯.૪૧ ટકા ફાળો આપી ખભેખભા મિલાવ્યો હતો. એક મતદાન બુથ પર મોડી સાંજ સુધી પુરુષ અને મહિલા બંને મતદાતાઓની લાંબી લાઈનો જોવા મળી હતી.

વાવોલમાં સરપંચપદ માટે ત્રણ ઉમેદવારો વચ્ચે ટકકર સર્જાઈ હતી. જેમાં નગીનભાઈ નાડીયા, રણજીતભાઈ નાડીયા તથા ખુશાલભાઈ ડાભીનો સમાવેશ થાય છે. ત્રણેય ઉમેદવારોએ સતત મતદાન મથકો પર હાજરી આપી છેલ્લી ઘડી સુધી મતદાતાઓને રીઝવવા પ્રયત્નો કર્યા હતા. વાવોલ ગામનો અંદરનો વિસ્તાર ને સોસાયટી વિસ્તાર એમ બે વિભાગમાં વહેંચાયેલા મતદાતાઓને કારણે આ ઉમેદવારો અવઢવમાં રહ્યા હતા. જો કે એકંદરે સોસાયટી વિસ્તારના મતદારોએ ચાલુ દિવસ હોવાથી તથા સ્થાનિક ઉમેદવારોથી અજાણ હોવાને કારણે ધાર્યા કરતા મતદાનમાં ઓછો રસ દાખવ્યો હતો. આ કારણે વોર્ડ નં. ૧૩માં જેમાં સોસાયટી મતદાતાઓની સંખ્યા વધુ હતી તેમાં મતદાન ખુબ જ ઓછું થવા પામ્યું હતું. સરવાળે ગામના પરંપરાગત મતદાતાઓ પર જ ઉમેદવારોએ મદાર રાખવાનો વારો આવ્યો હતો. આથી ચુંટણી વધુ રસપ્રદ બનવા પામી છે. ગ્રામસેવકો માટે ઉભેલા ઉમેદવારોએ પણ સતત મતદાન મથકો પર હાજર રહી છલ્લી ઘડી સુધી મતદાતાઓને રીઝવવા પ્રયાસો કર્યા હતા. ચુંટણી અગાઉ ઉમેદવારોના અનુમાન પ્રમાણે આશરે ૪૫ થી ૫૦ ટકા મતદાન થશે તેવી અપેક્ષા સામે ૬૦.૫૯ ટકા મતદાન નોંધાયું હતું. અકંદરે સોસાયટી વિસ્તારના મતદાતાઓનો મંદ પ્રતિસાદ રહેતા મતદાનની ટકાવારી ઓછી રહી હતી.







મહાદેવપુરામાં મણીબા જોઈતારામ ચૌધરી જૈફ વયના આંખે દેખી શકતા ન હોવાના કારણે પૌત્રને લાકડી બનાવી મતદાન મથકે મતદાન કરવા પહોંચ્યા હતા. જ્યારે બીજી તસવીરમાં દશેલા ખાતે સરપંચ પદના ઉમેદવાર શાંતાબેન શિવરામભાઈ ચૌધરીએ પરિવારના સભ્યો સાથે મતદાન બાદની હળવી પળોમાં દેખાય છે.

# બેંકમાં નકલી ચલણી નોટ જમા કરાવનાર દહેગામના શખ્સ સામે ગુનો દાખલ

## ૧ હજારની આઠ નકલી નોટ તેની પાસેથી મળી : સે-૧૭ની યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં યુવાન ૪૯ હજાર જમા કરાવવા ગયો હતો

ગાંધીનગર, તા.૨૭

શહેરની સેકટર-૧૭ સ્થિત યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં ગઈ કાલે દહેગામનો એક યુવાન રૂ. ૪૯ હજાર જમા કરાવવા આવ્યો હતો. તેની પાસેથી રૂ.૧ હજારના દરની આઠ નકલી નોટો મળી આવતા બેંક મેનેજરે આ યુવાન સામે નકલી ચલણી નોટો રાખવા સંદર્ભે ગુનો નોંધાવ્યો છે. ગાંધીનગર એલસીબીએ આ ગુનાની વધુ તપાસ શરુ કરી છે. ગઈકાલે બપોરે મુળ રાજસ્થાનનો અને હાલ દહેગામની વંદેમાતરમ સોસાયટીમાં રહેતો યુવાન શખ્સ દેવેન્દ્ર મુરલી મનોહર ગોપાલ બેંકમા વિજયાલક્ષ્મીના ખાતામાં રૂ. ૪૯ હજાર જમા કરાવવા આવ્યો હતો. બેંક મેનેજરે તેની ચલણી નોટો તપાસતા તે પૈકીની રૂ. ૧ હજારના દરની આઠ નોટો નકલી મળી આવી હતી. નકલી નોટો સંદર્ભે પુછતાછ કરતા તે સંતોષકારક જવાબ આપી શકયો ન હતો. જેથી યુવાન પર શંકા જતા પોલીસ બોલાવી હતી. બ્રાન્ચ મેનેજર નવનીતકુમાર રમેશકુમાર દત્તાની ફરીયાદને આધારે સે-૨૧ પોલીસે દહેગામના યુવાન સામે આઈપીસી કલમ ૪૮૯ખ-ગ મુજબ ગુનો દાખલ કર્યો છે. ગાંધીનગર એસીબી પીએસઆઈ આર.એન. વાઘેલાએ નકલી નોટો કયાંથી લાવ્યો તે સહિતની વધુ તપાસ શરુ કરી છે.

# તલોદના વેપારીને ફોન કરી અપહરણની ખંડણી માંગનાર આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૭

તલોદના વેપારીને ફોન કરી તેની દિકરીને અપહરણ કરી ઉઠાવી જવાની ધમકી આપી ૨૦ લાખની ખંડણી માંગનાર આરોપીને ગાંધીનગરની આર.આર. સેલે ઝડપી પાડયો હતો. આ મામલે આર.આર. સેલે તલોદ પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો. જેની આગળની કાર્યવાહી સાબરકાંઠા એસ.ઓ.જી.ની ટીમ ચલાવી રહી છે.

સાબરકાંઠાના તલોદમાં દરજીકામનો વ્યવસાય કરતા વેપારી ભરતભાઈ નારણભાઈ દરજી (રહે. દેસાઈનગર તલોદ)ને બે દિવસ અગાઉ તેમના મોબાઈલ પર અજાણ્યા ઈસમે ફોન કર્યો હતો અને 'હિન્દી' ભાષામાં તારી દિકરીને અપરણ કરી ઉઠાવી લઈ જવાની ધમકી આપી રૂ. ૨૦ લાખની ખંડણીની માંગણી કરી હતી. દિકરીના અપહરણની ઘટનાને લઈ ભયભીત બનેલા પિતાએ પોલીસને જાણ કરી ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતા જોઈ ગાંધીનગર રેન્જ આઈ.જી. આર.બી. બ્રહ્મભટ્ટે આર.આર. સેલને સૂચના આપી હતી. ટીમના પી.એસ.આઈ. વી.યુ. ગડરીયાએ ધમકીમાં ઉપયોગમાં લેવાયેલ ફોન નંબરના આધારે આરોપીની શોધખોળ આરંભી હતી. ટીમે ખાનગી માહિતીના આધારે અમદાવાદના નરોડા ખાતે વોચ ગોઠવી હતી. જયાં નરોડાના અર્જૂન કોમ્પ્લેક્ષમાં આવેલ બોની ટેલર્સ પાસેથી મળી આવતા તેની અટકાયત કરી હતી અને તેની પાસેથી ઉપયોગમાં લેવામાં આવેલ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ ખંડણી માંગનાર આરોપી ગોપાલ ઉર્ફે શૈલેષ ધૂળાભાઈ પ્રજાપતિની પુછપરછ કરતા આ સમગ્ર ખંડણીનું કાવતરું દેવું વધી જતા કર્યું હતું અને પોતે તલોદ ખાતે ફરિયાદીની દુકાનની સામેની દરજીની દુકાનમાં કામ કરતો હતો અને ફરિયાદીની તમામ માહિતી એકઠી કરી બાદમાં પશ્ચિમ બંગાળના કાર્ડથી ફોન કરી પોતે ફોન કરી રૂ. ૨૦ લાખની ખંડણી માંગી હોવાની કબુલાત કરી હતી. આ સંદર્ભે આર.આર. સેલે તલોદ પોલીસને આરોપી સુપ્રત કર્યો હતો જેની વધુ તપાસ સાબરકાંઠા એસ.ઓ.જીની ટીમ ચલાવી રહી છે.

# આદર્શ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા સ્વેટર વિતરણ

ગાંધીનગર, તા.૨૭

મહુડી ખાતે શ્રીમતી સોવનબા સુરસિંહજી રાઠોડ વિદ્યાલયમાં આદર્શ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક સ્વેટર વિતરણ તેમજ વિદ્યાર્થી બ્લડ ગ્રુપ ટેસ્ટ કાર્યક્રમનું આયોજન આદર્શ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા કરાયું હતું. જેમાં ડાયરેકટર કુ. સ્વર્ણા રાજપુરોહિત અને લલિતા મેડમના સહકારથી શાળાના ૬૨૫ જેટલા બાળકોને નિઃશુલ્ક સ્વેટર આપવામાં આવ્યા હતા તેમજ શાળાના વિદ્યાર્થી ભાઈ બહેનોનું બ્લડ ગ્રુપ ટેસ્ટ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પધારેલ દાતાઓ તેમજ તમામ મહેમાનોનું શાળાના આચાર્ય ચતુરસિંહ રાઠોડે સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે આ શાળાના પૂર્વ આચાર્ય કાળુસિંહજી ગઢિયાએ ૧૯૮૨થી આજ દિન સુધીની કરેલ શાળાની પ્રગતિની રૂપરેખા આપી હતી. છેલ્લે શ્રી સર્વ સેવા મંડળના મંત્રી અમરસિંહજી રાઠોડ તથા મંડળના તમામ હોદેદાર તેમજ શાળા પરિવારે હાજર રહી આ કાર્યક્રમને દીપાવી તમામ બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.







